# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-05-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, ગુજરાત ટેકનોલોજી, લોક કલ્યાણ અને વિકાસ યોજનાઓના અસરકારક અમલથી વિકાસનું રોલ મોડલ બન્યું છે.**

2) **મુંબઈમાં યોજાયેલા વિશ્વ શ્રાવ્ય દ્રશ્ય અને મનોરંજન સંમેલન – વેવ્ઝ 2025નું આજે સમાપન.**

3) **રાજ્યમાં 75 હજારથી વધુ વિદ્યાર્થીઓએ NEETની પરીક્ષા આપી.**

4) **એપ્રિલ 2025માં રાજ્યમાં 14 હજાર 970 કરોડ રૂપિયાનું વસ્તુ અને સેવા કર- GSTની વસૂલાત થઈ.**

5) **રાજ્યમાં ઉત્તર-મધ્ય ગુજરાતના અનેક જિલ્લામાં કમોસમી વરસાદ પડ્યો- હજુ 7 દિવસ માવઠાની આગાહી.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# CM CHHATISGARH DELEGATION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, ગુજરાત ટેકનોલોજી, લોક કલ્યાણ અને વિકાસ યોજનાઓના અસરકારક અમલથી વિકાસનું રોલ મોડલ બન્યું છે. ગાંધીનગરમાં છત્તીસગઢના કવર્ધા જિલ્લા તંત્રના અધિકારીઓ, પદાધિકારીઓ અને ગ્રામીણ ખેડૂતોના 26 સભ્યોના પ્રતિનિધિમંડળ સાથેની મુલાકાત દરમિયાન શ્રી પટેલે આમ જણાવ્યું હતું. આ પ્રતિનિધિમંડળ ગુજરાત મોડલ પર તેમના રાજ્યમાં ગ્રામીણ વિકાસમાં નવીનીકરણ અને અસરકારક યોજનાકીય અમલના વ્યાપ અને વિસ્તરણમાં ટેકનોલોજીના ઉપયોગ અંગેના અભ્યાસ અર્થે એક સપ્તાહની ગુજરાત મુલાકાતે આવ્યું છે.

# HARSH SANGHAVI YOG

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું, એક સ્વસ્થ વ્યક્તિ અન્ય દસ વ્યક્તિઓને પ્રેરિત કરે તો મેદસ્વિતામુક્ત ગુજરાતનો સંકલ્પ સિદ્ધ થશે. સુરતના વેસુ ખાતે 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અંતર્ગત યોજાયેલી યોગ શિબિરમાં શ્રી સંઘવીએ આમ જણાવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શિશપાલજીએ યોગાભ્યાસ કરાવી યોગને જીવનનો અભિન્ન હિસ્સો બનાવવા આહ્વાન કર્યું હતું. આ શિબિરમાં 10 હજારથી વધુ નાગરિકોએ યોગ કર્યા હતા.

# HARSH SANGHVI – DEMOLITION

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું, અમદાવાદના ચંડોળા તળાવ પાસેથી દોઢ લાખ મીટરનું દબાણ દૂર કરાયું. શ્રી સંઘવીએ ઉમેર્યું કે અહીથી 800 થી વધુ બાંગ્લાદેશીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. આ તમામ બાંગ્લાદેશીઓને ડિપોર્ટ કરવા સહિતની ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ માહિતી આપી હતી.

(બાઇટ: હર્ષ સંઘવી)

# WAVES SUMMIT - CONCLUDED

ભારતનું પ્રથમ વિશ્વ દ્રશ્ય-શ્રાવ્ય અને મનોરંજન સંમેલન- વેવ્ઝ 2025નું આજે મુંબઈના જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતે સમાપન થયું. ગુરુવારથી શરૂ થયેલી ચાર દિવસીય સંમેલનનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એ કર્યું હતું. સંમેલનમાં 90 થી વધુ દેશોએ ભાગ લીધો હતો, જેમાં 10 હજારથી વધુ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

આ સંમેલનમાં મીડિયા અને મનોરંજન ઉદ્યોગના પ્રભાવશાળી વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મીડિયા અને મનોરંજનમાં કૃત્રિમ બુદ્ધિમત્તા, મીડિયાનું વૈશ્વિકરણ, સામગ્રી નિર્માણનું ભવિષ્ય અને ઉભરતી ટેકનોલોજીનો પ્રભાવ જેવા મહત્વપૂર્ણ વિષયો પર વ્યાપક ચર્ચાઓ કરવામાં આવી હતી. WAVES બજારમાં દેશભરના સર્જકો અને ફિલ્મ નિર્માતાઓ સાથે 1 હજાર ત્રણસો કરોડ રૂપિયાથી વધુના વ્યવસાયિક સોદા કરવામાં આવ્યા હતા.

સંમેલન દરમિયાન, ગ્લોબલ મીડિયા ડાયલોગમાં 77 દેશોના પ્રતિનિધિઓએ WAVES ઘોષણાપત્ર જાહેર કર્યું હતું. ચાર દિવસીય સંમેલન દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમોએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

# NEET EXAM

રાજ્યમાં 75 હજારથી વધુ વિદ્યાર્થીઓએ NEETની પરીક્ષા આપી. મેડિકલમાં પ્રવેશ માટેની રાષ્ટ્રીય પાત્રતા પ્રવેશ પરીક્ષા એટલે કે, નીટ-ની પરીક્ષા આજે રાજ્ય સહિત દેશભરમાં યોજાઇ. અંદાજે એક લાખ બેઠક પર પ્રવેશ માટે દેશભરમાંથી 24 લાખથી વધુ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપી. સઘન સુરક્ષા વ્યવસ્થાઓ વચ્ચે સરકારી સંસ્થાઓમાં NEETની પરીક્ષાનું આયોજન કરાયું હતું. બપોરે 2 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી પરીક્ષા યોજાઇ હતી.

વલસાડ જિલ્લામાં 8 કેન્દ્રો પર NEETની પરીક્ષા યોજાઈ હતી. જેમાં 3 હજાર 150 વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

# Gseb- 12th result

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ આવતીકાલે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉત્તર બુનિયાદી પ્રવાહ, GUJCET-2025 અને સંસ્કૃત મધ્યમાનું પરિણામ જાહેર કરશે. વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઇટ WWW.GSEB.ORG પર આવતીકાલ સવારે સાડા દશ વાગ્યાથી પરિણામ જોઈ શકશે.આ ઉપરાંત વિદ્યાર્થીઓ વોટ્સ એપ નંબર 6357300971 પર પોતાનો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે. વિદ્યાર્થીઓના ગુણપત્રક અને પ્રમાણપત્ર શાળાઓને મોકલવા અંગેની જાણ હવે પછીથી કરવામાં આવશે તેમ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

(ગોન્ગા મ્યુઝિક)

# RUSHIKESH MEHSANA

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું, સરકાર સાથે લોકોનો સહયોગ મળે તો વિકાસની ગતી બેવડાઈ જાય છે. મહેસાણા જિલ્લાના હિરપુર ખાતે શાળાના મકાન સુધારણા કામગીરીમાં દાન આપનાર દાતાશ્રીઓનું સન્માન કરતા શ્રી પટેલે આમ જણાવ્યું હતું. શ્રી પટેલે ઉમેર્યું કે વિકસિત ભારતના સંકલ્પને સિદ્ધ કરવા નાગરિકોનો સહયોગ જરૂરી છે.

(બાઇટ: ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી)

શ્રી પટેલે વિજાપુર ખાતે વિશ્રામ ગૃહ અને ફાયર સ્ટેશનનું લોકાર્પણ કર્યું હતું. આ ઉપરાંત ઘન કચરાના નિકાલ માટે 9 ઇ-રિક્ષાઓને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

# GST COLLECTION

એપ્રિલ 2025માં રાજ્યમાં 14 હજાર 970 કરોડ રૂપિયાનું વસ્તુ અને સેવા કર-GSTની વસૂલાત થઈ છે. ઉદ્યોગો માટે અનુકૂળ નીતિ અને મજબૂત આર્થિક પ્રવૃત્તિઓ સાથે એપ્રિલ 2024ની સરખામણીએ 13 ટકાના વધારા સાથે રાજ્યનું આ નોંધપાત્ર પ્રદર્શન છે. GST કલેક્શનમાં ગુજરાત અનેક મોટા રાજ્યો કરતા આગળ છે. GST કલેક્શનના મામલે ગુજરાત મહારાષ્ટ્ર અને કર્ણાટક પછી દેશમાં ત્રીજા ક્રમે છે. નાણાંકીય વર્ષ 2024-25માં ગુજરાતે GSTમાંથી 73 હજાર281 કરોડ રૂપિયાની આવક પ્રાપ્ત કરી હતી, જે નાણાંકીય વર્ષ 2023-24ની સરખામણીએ 14 ટકાનો વધારો દર્શાવે છે.

# AMRELI-DILIP SANGHANI

અમરેલી જિલ્લામાં નાના અને મધ્યમ કદના વ્યવસાયોને વેગ આપવા એક કાર્યક્રમ યોજાયો. સહકારી પ્રવૃતિ થકી ખેડૂતો અને ખેત મજૂરોના શોષણ અટકાવવા રાજુલા તાલુકા કૃષિ સેવા સહકારી મંડળી, આલ્ફા ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી અને ઇંડિયન રેડ ક્રોસ સોસાયટીનો શુભારંભ કરાયો. ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ જણાવ્યું વિકાસ અને એકતાનું એક માત્ર સાધન સહકારિતા છે.

(બાઇટ: દિલીપ સંઘાણી-ચેરમેન-ઈફકો)

# WEATHER

રાજ્યમાં આજે ઉત્તર-મધ્ય ગુજરાતના અનેક જિલ્લામાં કમોસમી વરસાદ પડ્યો છે. હવામાન વિભાગની આગાહીને પગલે મહેસાણા, બનાસકાંઠા, મહીસાગર, અરવલ્લી જિલ્લામાં માવઠું થયું હતું જ્યારે ધાનેરા વિસ્તારમાં કરા પડ્યા હતા. આજે કમોસમી વરસાદ પડતા ભિલોડા યાર્ડમાં ખુલ્લામાં રાખેલો પાક પલડી જતાં એક વેપારીએ માહિતી આપી.

(બાઇટ: વેપારી)

રાજ્યમાં હજુ પણ આગામી 7 દિવસ સુધી છૂટો છવાયો વરસાદ પડવાની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 5 દિવસમાં રાજ્યમાં મહતમ તાપમાનમાં 3 થી 5 ડિગ્રીનો ઘટાડો થશે. છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યમાં રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર અને વલ્લભ વિદ્યાનગરમાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

આવતીકાલે કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, દીવ, અમરેલી, ભાવનગર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, વલસાડ, ડાંગ, નવસારીમાં વરસાદની આગાહી છે.

# RAGHVAJI PATEL- JUNAGADH PROGRAM

જુનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી અને કૃષિ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને આજે ભેંસાણ ખાતે સહકારથી સમૃદ્ધિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શ્રી પટેલે ખેડૂતોને ખેત ઉત્પાદનોનો પોષણક્ષમ ભાવ, સમયસર ખાતર અને પણી મળી રહે તેમજ દિવસે વીજળી પુરવઠો મળી રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું.આ ઉપરાંત તેમણે સર્કિટ હાઉસ ખાતે જિલ્લાના સરપંચો સાથે સંવાદ પણ સાધ્યો હતો.આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે, જિલ્લાના સરપંચો દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નોનો સત્વરે ઉકેલ આવે એ દિશામાં કાર્યવાહી કરાશે.

# ADALAJ- demolition

અમદાવાદ-મહેસાણા હાઈવે પરના રોડને પહોળો કરવા માટે દબાણ હટાવવાની કામગીરી હાથ ધરાઇ હતી. આજે અડાલજ બાલાપીર દરગાહ સહિતના માર્ગો પરના વર્ષો જૂના દબાણો હટાવાયા હતા.ઉલ્લેખનીય છે કે  થોડા મહિના પહેલા પણ અડાલજની આસપાસના વિસ્તારમાંથી દબાણો દૂર કરીને 14 હજાર ચોરસ મીટર જમીન ખુલ્લી કરાવાઈ હતી.

# DANG – KHELMAHAKUMBH KHOKHO

ખેલ મહાકુંભના ત્રીજા તબક્કા અંતર્ગત સુરેન્દ્રનગરના લીમડી ખાતે રાજય કક્ષાની ખો-ખો સ્પર્ધામાં ડાંગના વિદ્યાર્થીઓએ મોરબીની ટીમને હરાવીને અંડર -૧૪ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે.તેવી જ રીતે પુરુષોની અંડર-17 ખોખો સ્પર્ધામાં કાંસ્ય જ્યારે તાપીના વ્યારા ખાતે રમાયેલી બહેનોની અંડર- 17 ખોખો સ્પર્ધામાં રજત ચંદ્રક મેળવ્યો છે.જિલ્લાના ખેલડીઓએ ખો-ખો સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ ત્રણ ચંદ્રક મેળવીને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.